પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (ડીએલએડ) તત્કાલીન પી.ટી.સી. પ્રવેશ અંગેના નિયમો ઘડવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:-ED/MISC/e-file/3/2025/3463/N

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૨/૨૦૨૬

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:-ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૯ ઠરાવ ક્રમાંક: ટીસીએમ/૧૪૧૨/૭૦૨/ન

(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીની સિંગલ ઈ-ફાઈલ તા.૨૯/૦૫/૨૦૨૫ની ક્રમાંક-DPE/PTC/e-file/105/2025/2758/J-PTC

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ સંદર્ભ (૧) પર વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨ ના ઠરાવથી પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમો બહાર પાડેલ હતા. વંચાણે લીધેલ સંદર્ભ (૨) પર વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૯ ના ઠરાવથી EWS કેટેગરીમાં ૧૦ ટકા બેઠકો અનામતથી ભરવાની મંજુરી આપેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ (૩) પર પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીએ EWS કેટેગરીના ઉમેદવારોને ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણે પ્રવેશ આપવા અંગેની દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**સુધારા ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં (D.El.Ed.) (તત્કાલીન પી.ટી.સી.) પ્રવેશ અંગેના નિયમોમાં ઉમેદવારોને D.El.Ed માં પ્રવેશ આપવા તેમજ મેરિટમાં ગણવા અંગે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | પ્રાથમિક શિક્ષણ ડિપ્લોમાં પ્રવેશ નિયમ | સુધારા નિયમ |
|---|---|---|
| ૪.૨ | પ્રવેશ માટે લઘુતમ ગુણ ઉમેદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ગુણ મેળવેલા હોવા જોઈએ પરંતુ SC/ST/OBC ઉમેદવારે ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ. | પ્રવેશ માટે લઘુતમ ગુણ ઉમેદવારે નિયત કરેલ પ્રવાહોની પરીક્ષામાં કુલ ગુણમાંથી ઓછામાં ઓછા ૫૦ ગુણ મેળવેલા હોવા જોઈએ પરંતુ SC/ST/OBC/E W S ઉમેદવારે ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઈએ. |

શિક્ષણ વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૨નો ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હેતલ સચાણીયા)**

**સેકશન અધિકારી,**

**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટીની કચેરી, વિદ્યાભવન, ગાંધીનગર
5. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
6. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified

Signed by:Hetal A sachaniya
Section Officer
Date:2026.02.17
16:10:14 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign